દિવ્ય ભાસ્કર ફ્રન્ટ પેજ.૦૨ તા. ૧૪.૦૯.૨૦૨૪

## 3800 કરોડથી વધુના પ્રોજેક્ટ માટેના બે ડીપીઆર મંજૂરી માટે કેન્દ્રને મોકલાયા, એરપોર્ટ સ્ટેશન અંડરગ્રાઉન્ડ હશે

# મેટ્રોના નવા બે રૂટ બનશે, કોટેશ્વરથી એરપોર્ટ સુધી 4 કિમી અને ગિફ્ટ સિટીની અંદર 10 કિમીનો સર્ક્યુલર રૂટ, જેમાં 6 સ્ટેશન હશે

**ભાસ્કર એક્સક્લુઝિવ**

ઓમકારસિંહ ઠાકુર, હર્ષદ જયસ્વાલ | અમદાવાદ

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી)એ ફેઝ-2ને આગળ વધારી ગિફ્ટ સિટીના 10 કિલોમીટર વિસ્તારમાં 2 હજાર કરોડના ખર્ચે 6 સ્ટેશન બનાવશે. જ્યારે કોટેશ્વરથી એરપોર્ટ સુધી 1800 કરોડના ખર્ચે 4 કિલોમીટર રૂટ પર પણ મેટ્રો ટ્રેન દોડાવાશે. ગિફ્ટ સિટીના સર્ક્યુલર રૂટનો તથા એરપોર્ટ રૂટનો ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) તૈયારી કરી કેન્દ્ર સરકારને મંજૂરી માટે મોકલવામાં આવ્યો છે. મંજૂરી મળી ગયા બાદ આગામી સમયમાં જીએમઆરસી બંને પ્રોજેક્ટની ડિઝાઇન, ટેન્ડર જેવી કામગીરી શરૂ કરશે.

જીએમઆરસીના અધિકારીના જણાવ્યા અનુસાર, ગિફ્ટ સિટીમાં નેશનલ અને મલ્ટિનેશનલ કંપનીના કર્મચારીઓની સાથે ત્યાંના રહેણાક વિસ્તારના લોકોને પણ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા મળી રહે તે માટે ગિફ્ટ સિટીમાં મેટ્રો ટ્રેનની સુવિધા શરૂ કરવામાં આવશે. આ સંપૂર્ણ પ્રોજેક્ટ એલિવેટેડ કોરિડોર પર હશે.

કોટેશ્વરથી એરપોર્ટ સુધી મેટ્રોનો કોરિડોર તૈયાર થયા બાદ આસપાસના વિસ્તારના લોકોએ એરપોર્ટ આવવા માટે હાંસોલ તરફ આવવું નહીં પડે અને સીધા સરદારનગર અને એરપોર્ટ પહોંચી શકશે. થલતેજ કે વસ્ત્રાલથી આવતાં પેસેન્જરોને એરપોર્ટ જવા માટે બે વાર ઈન્ટરચેન્જ કરવું પડશે.હાલમાં આ પ્રોજેક્ટ કેન્દ્રને મંજૂરી માટે મોકલાયો છે.

## એરપોર્ટ રૂટ પર 4 મેટ્રો સ્ટેશન બનાવાશે, તાજ હોટેલ સુધી એલિવેટેડ કોરિડોર હશે




કોટેશ્વર-એરપોર્ટ મેટ્રોનો સંભવિત રૂટ.

જીએમઆરસીના અધિકારીએ જણાવ્યું કે, ફેઝ-2માં કોટેશ્વરથી અમદાવાદ એરપોર્ટને પણ કનેક્ટ કરવા માટે પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. જેને હાલ મંજૂરી માટે કેન્દ્રને મોકલાયો છે. લગભગ 1800 કરોડના ખર્ચે તૈયાર થનારા 4 કિલોમીટરના આ રૂટ પર કોટેશ્વરથી સરદારનગર પાસે તાજ હોટલ સુધીનો માર્ગ એલિવેટેડ બનશે. તાજ સર્કલથી એરપોર્ટ સુધી ટ્રાફિકની સમસ્યા ન થાય તેને ધ્યાનમાં રાખીને એરપોર્ટ સુધીનો રૂટ અંડરગ્રાઉન્ડ બનશે. જેમાં એરપોર્ટ સ્ટેશન બિલ્ડિંગ પણ અંડરગ્રાઉન્ડ હશે. જ્યાં મેટ્રો સ્ટેશનમાંથી પેસેન્જરો લિફ્ટ, એસ્કેલેટરની મદદથી સીધા એરપોર્ટના ટર્મિનલ સુધી પહોંચી શકશે.

## જૂની હાઇકોર્ટ અને GNLU ખાતે મેટ્રો બદલવાની સુવિધા

હાલમાં વસ્ત્રાલ-થલતેજ તરફથી મુસાફરી કરતા પેસેન્જરોને મોટેરા કે એપીએમસી તરફ જવા માટે જૂની હાઈકોર્ટ સ્ટેશને ઈન્ટરચેન્જ કરવું પડે છે. તેની સાથે જ હવે મોટેરાથી સેક્ટર -1 તેમજ જીએનએલયુથી ગિફ્ટ સિટી સુધીનો રૂટ શરૂ થયા બાદ પેસેન્જરોને જીએનએલયુ ખાતે ઈન્ટરચેન્જની સુવિધાઅપાઈ છે. જ્યાંથી ઈન્ટરચેન્જ કરી ગિફ્ટ સિટી તરફ જઈ શકશે. એજ રીતે જો કેન્દ્ર સરકાર મંજૂરી આપે તો એરપોર્ટ તરફ જતા પેસેન્જરો માટે કોટેશ્વર સ્ટેશને ઈન્ટરચેન્જની સુવિધાઅપાશે. જેના પગલે ગિફ્ટ સિટી તરફથી આવતા પેસેન્જરોને એરપોર્ટ જવા માટે બે વાર મેટ્રોમાં ઈન્ટરચેન્જ કરવું પડશે.